# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-07-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## વરસાદ-:

**રાજ્યમાં આજે 73 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં જામનગરના જોડિયામાં સૌથી વધુ અઢી ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે જૂનાગઢનાં માંગરોળમાં દોઢ ઇંચ વરસાદ ખાબક્યો છે. મોરબીના ટંકારામાં પણ એક ઇંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 52 ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.**

**કચ્છની વાત કરીએ તો જિલ્લા કન્ટ્રોલરૂમમાંથી મળતી વિગત અનુસાર આજે સવારે 6 વાગ્યાથી સાંજના 6 વાગ્યા દરમ્યાન સૌથી વધુ ભચાઉમાં 41 મિલી મીટર, અંજાર 25, માંડવી7, રાપર 3, અબડાસા 1 અને ગાંધીધામ અને મુંદરામાં 2-2 મિલીમીટર વરસાદ નોંધાયો છે.**

**જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો રાજ્યના 44 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 19 એલર્ટ પર છે. મોરબી તાલુકાનો ધોડોધ્રોઈ ડેમ ઓવરફ્લો થતાં ડેમનો એક દરવાજો 1 ફૂટ સુધી ખોલવામાં આવ્યો છે. ત્યારે નિચાણવાળા વિસ્તારમાં આવતા લોકોને એલર્ટ રહેવા તાકીદ કરવામાં આવી છે. મોરબી તાલુકાના ચકમપર, ઝીકયારી, જીવાપર, જેતપુર (મચ્છુ), રાપર, શાપર,જસમતગઢ તેમજ માળીયા તાલુકાના સૂલનતાપુર, માણાંબા અને ચિખીલી સહિતના કુલ 10 ગામોને એલર્ટ કરાયા છે.**

---

## પાસા કાયદા હેઠળ કાર્યવાહી:

**ગુનાહિત ઈતિહાસ ધરાવતા 2 આરોપીઓ વિરુધ્ધ કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા પાસા કાયદા તળે અટકાયતી હુકમો કરી જિલ્લામાં અસામાજીક તત્વો વિરૂધ્ધ કડક**

કાર્યવાહી કરાઈ છે. ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ-1985 હેઠળ આરોપીઓ વિરુધ્ધ રજુ થયેલ દરખાસ્ત મુજબ, જિલ્લામાં ગેરકાનુની રીતે વિદેશી દારૂ ચોરી છુપીથી મોટા પ્રમાણમાં લાવી ગેરકાયદેસર રીતે દારૂનું વેચાણ થતું હોવાની પ્રવૃત્તિ બાબતે પોલીસ વિભાગ દ્વારા જુદાં જુદાં ગુના માટે પકડવામાં આવેલ આરોપીઓ પાસેથી વિદેશી દારૂ આશરે કુલ - ૧૨૦૦ લિટરનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો. આ બે આરોપીઓ વિરુધ્ધ જીલ્લા કલેકટર દ્વારા પાસા હેઠળ જેલ હવાલે કરવા અટકાયતી હુકમ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે જાહેર વ્યવસ્થા જાળવી રાખવાના હિતમાં કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા છેલ્લા ચાર માસમાં કુલ ૧૪ જેટલા પાસા અટકાયતના હુકમો કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------

## અદાણીગ્રુપ-કચ્છ યુનિવર્સિટી કરાર:

અદાણી બિઝનેસ યુનિટ્સ, અદાણી સ્કીલ્સ એન્ડ એજ્યુકેશન અને કચ્છ યુનિવર્સીટીના સંયુક્ત ઉપક્રમે મુન્દ્રા ખાતે પરિવર્તનશીલ ઉદ્યોગ એકેડેમિયા વર્કશોપનું આયોજન કરાયું હતું. અદાણી ગ્રુપ દ્વારા કચ્છમાં રોજગારી અને પ્રાદેશિક વિકાસ વધારવા એક મહત્વપૂર્ણ પગલું સાબિત થવાની નેમ વ્યક્ત કરાઈ હતી. તેમજ માનવમુડી એકત્રીકરણ દ્વારા જિલ્લા ને આત્મનિર્ભર બનાવાની સાથે રાષ્ટ્રનિર્માણ સહિતના મહત્વના બિંદુઓ ને પ્રાધાન્ય અપાયું હતું.

શૈક્ષણિક અભ્યાસક્રમ અને ઉદ્યોગોની જરૂરિયાતો વચ્ચેના અંતરને દૂર કરવાના ઉદેશ્ય સાથે કચ્છના યુવાનોને બંદરો, વીજળી, સૌર, ઉત્પાદન અને લોજિસ્ટિક્સ સહિત અદાણી ગ્રુપના વિવિધ ક્ષેત્રોમાં ટકાઉ કારકિર્દી માટે તૈયાર કરાયેલા કૌશલ્યો સાથે શસ્ક્ત બનાવાનો પ્રયાસ હાથ ધરાયો હતો.

સ્થાનિક યુવા રોજગારને પ્રોત્સાહન આપવા માટે કરાર પર હસ્તાક્ષર કરાયા હતા. જેનાથી કચ્છની કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે અનુરુપ કારકિર્દીના માર્ગો ખુલવા ઉપરાંત સ્થાનિક રોજગારીને એક મજબુત પ્લેટફોર્મ મળશે.

---------------------------------------------------------------------------------

## સાફ દ્રષ્ટિ – સુરક્ષિત યાત્રા-CSR કાર્યક્રમ:

વાણિજ્યિક વાહનચાલકો અને પરિવહન ક્ષેત્રે કાર્યરત સહાયક શ્રમિકોની દ્રષ્ટિ જાળવણી અને માર્ગ સલામતીમાં વધારો લાવવાના  હેતુ માટે "સાફ દ્રષ્ટિ – સુરક્ષિત યાત્રા" અંતર્ગત CSR કાર્યક્રમનો ગાંધીધામ ચેમ્બર ભવન ખાતે આરંભ કરાયો હતો.

આ કાર્યક્રમ દ્વારા દેશના અગ્રણિ ટ્રાન્સપોર્ટ કોરિડોર્સ જેવા કંડલા, મુન્દ્રા, માળિયા, જામનગર, હજીરા અને મોરબીમાં લગભગ 9,000 પરિવહન કામદારોને દ્રષ્ટિ ચકાસણી અને મફત ચશ્માની સુવિધા આપવામાં આવશે.આ પહેલથી લાંબા ગાળે માર્ગ સલામતીમાં નોંધપાત્ર સુધારો થશે.

---

## આદિપુર પોલીસ ચોકીનું ઉદ્ઘઘાટન:

આદિપુર ખાતે વોર્ડ 4-એ માં લોક ભાગીદારીથી નવનિર્મિત બીટ પોલીસ ચોકીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગાંધીધામ મત વિસ્તારના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી અને કચ્છ પૂર્વના પોલીસ અધિક્ષક સાગર બાગમારના હસ્તે આ ચોકીનું લોકાર્પણ કરાયું હતું.

---

## વિશ્વ ચેસ દિવસ:

વિશ્વભરમાં આજે આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ વર્ષની વિષય વસ્તુ છે-  એવરી મૂવ કાઉન્ટ્સ.આજના દિવસે વર્ષ 1924માં ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન - FIDEની સ્થાપના કરવામાં આવી હતી.

આ વર્ષે, FIDE એ "સામાજિક ચેસનું વર્ષ" નામની  પહેલ શરૂ કરી છે, જે રમતનો ઉપયોગ સમાવેશ, શિક્ષણ, સશક્તિકરણ અને માનસિક સુખાકારી માટે એક સાધન તરીકે કરવા માટે સમર્પિત છે.

ચેસ દિવસની ઉજવણીના ભાગ રૂપે આજે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ભુજ ખાતે અન્ડર ૧૮ ઓપન કચ્છ ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

---